# હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ.

યુનિવર્સિટી કેમ્પસ, રાજમહેલ રોડ, પાટણ–૩૮૪૨૬૫

ફોન નં.૦૨૭૬૬–૨૩૭૦૦૦, ઈ-મેઈલ: www.ngu.ac.in


<u>વંચાણે લીધા :-</u>

૧.અત્રેની યુનિવર્સિટીના તા.૧૬/૦૭/૨૦૨૪ના પરિપત્ર ક્રમાંક-૧૪૪/૨૦૨૪.

## પરિપત્ર:૧૫૭/૨૦૨૪

આ યુનિવર્સિટી સંલગ્ન સ્નાતક/અનુ.સ્નાતક કક્ષાના વિભાગ/કોલેજોમાં ચાલતા અભ્યાસક્રમો(ACPC તથા અન્ય કાઉન્સિલ દ્વારા અપાતા પ્રવેશ સિવાયના અભ્યાસક્રમો)માં અગ્રસચિવશ્રી શિક્ષણ વિભાગ, ગાંધીનગર ખાતેથી મળેલ સુચનાનુસાર આમુખ-૧ મુજબ યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં (ACPC તથા અન્ય કાઉન્સિલ દ્વારા અપાતા પ્રવેશ સિવાયના અભ્યાસક્રમો) મંજુર થયેલ ઈન્ટેકની મર્યાદામાં ખાલી રહેતી બેઠકો પર તા.૨૫/૦૭/૨૦૨૪ સુધી વિધાર્થીઓને ઓફલાઈન પ્રવેશ આપવાની કાર્યવાહી કરવા જણાવેલ હતું. જે સંદર્ભે યુનિવર્સિટી સંલગ્ન વિભાગો/કોલેજોમાં નીચે મુજબની વિગતે આદેશાનુસાર <u>તા.૩૦/૦૭/૨૦૨૪</u> સુધી ઓફલાઇન પ્રવેશ અંગેની તારીખ લંબાવવામાં આવે છે.જે આપની જાણ સારૂ તથા સદર બાબત અંગેની ઘટતી કાર્યવાહી આપના સ્તરેથી કરવાની રાખશો.

<u>વિકેન્દ્રીકરણથી પ્રવેશ આપવા અંગે :–</u>

૧) યુનિવર્સિટી સંલગ્ન વિભાગ/કોલેજોમાં મંજૂર થયેલ ડીવીઝન/વિદ્યાર્થી સંખ્યાની મર્યાદામાં ખાલી રહેતી બેઠકો ઉપર નિયમો અનુસાર પ્રવેશ આપવાની કાર્યવાહી જે–તે સંસ્થા/વિભાગઓ પોતાના સ્તરેથી કરવાની રહેશે તથા પ્રવેશ પ્રક્રિયા અંગેની સંપૂર્ણ જવાબદારી જે–તે સંસ્થાના વડાશ્રી/આચાર્યશ્રીની રહેશે.

૨) યુનિવર્સિટી સંલગ્ન વિભાગ/કોલેજોમાં શૈક્ષણિક વર્ષઃ ૨૦૨૪–-૨૫ માં વિવિધ અભ્યાસક્રમોમાં પ્રવેશ આપેલ વિદ્યાર્થીઓના વિષય ફેરબદલ અંગેની નિયમોનુસારની કાર્યવાહી વિભાગ/કોલેજોએ તેમના સ્તરેથી કરવાની રહેશે તથા તે અંગેની સંપૂર્ણ જવાબદારી જે–તે વિભાગ/સંસ્થાના વડાશ્રી/ આચાર્યશ્રીની રહેશે.

૩) ઉપરોક્ત વિગતે વિભાગો/કોલેજો દ્વારા ઓફલાઈન પ્રવેશ અંગેની સંપૂર્ણ પ્રક્રિયા તા.૩૦/૦૭/૨૦૨૪ સુધીમાં પૂર્ણ કરવાની રહેશે.

૪) યુનિવર્સિટી સંલગ્ન તમામ વિભાગો/કોલેજોએ શૈક્ષણિક વર્ષઃ ૨૦૨૪–૨૫ દરમ્યાન ઓફલાઈન પ્રવેશ આપેલ વિદ્યાર્થીઓની તમામ માહિતી યુનિવર્સિટી દ્વારા GCAS/GIPL, ગાંધીનગર દ્વારા માંગવામાં આવે ત્યારે ફરજીયાતપણે મોકલી આપવાની રહેશે.

૫) રજીસ્ટ્રેશન ફી યુનિવર્સિટી/GCAS દ્વારા સુચવવામાં આવે તે ખાતામાં જમા કરાવવાની રહેશે.

| |
|---|
| નોધઃ– જે વિદ્યાર્થી દ્વારા GCAS Portal પર રૂા.૩૦૦/– ફી જમા કરાવેલ હોય, તેવા વિદ્યાર્થીઓ પાસેથી રૂા.૩૦૦/– ફી વસુલવાની રહેશે નહીં. |

(ડૉ.આર.એન.દેસાઇ)

કુલસચિવ

નં.એડમિશન-સેલ/૨૦૩૫ /૨૦૨૪

તા. ૨૪/૦૭/૨૦૨૪

**પ્રતિ,**

યુનિવર્સિટી સંલગ્ન તમામ વિભાગ/કોલેજોના તમામ આચાર્યશ્રીઓ/વડાશ્રીઓ/અધ્યક્ષશ્રીઓ તરફ ઘટતી કાર્યવાહી સારૂ

<u>**નકલ રવાના : જાણ સારૂ..**</u>

૧. માન. કુલપતિશ્રી, કુલપતિશ્રીનું કાર્યાલય હેમ.ઉ.ગુજ.યુનિ.પાટણ.
૨. માન. કુલસચિવશ્રી, કુલસચિવશ્રી નું કાર્યાલય હેમ.ઉ.ગુજ.યુનિ.પાટણ.
૩. એકેડેમીક શાખા, હેમ.ઉ.ગુજ.યુનિ.પાટણ.
૪. આંકડાકીય શાખા, હેમ.ઉ.ગુજ.યુનિ.પાટણ.
૫. સિસ્ટમ એનાલીસ્ટ, હેમ.ઉ.ગુજ.યુનિ.પાટણ.
૬. મહેકમ શાખા, હેમ.ઉ.ગુજ.યુનિ.પાટણ.
૭. સબંધિત ફાઈલે.